**લીંબાયત ગોડાદરા વિસ્તારમાંથી ડુપ્લીકેટ દારૂ બનાવવાનું કારખાનું પકડી પાડતી ક્રાઇમ બ્રાંચ.**

સુરત શહેર વિસ્તારમાં પ્રોહિ/જુગાર પ્રવૃત્તીઓ ડામવા સારૂ સુરત શહેર વિસ્તારમાં સુરત ક્રાઈમ બ્રાંચની ટીમના અધિકારી/કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી હકિકતના આધારે પો.સ.ઈ.શ્રી.ટી.એ.ગઢવી નાઓની સાથે મળેલ બાતમી હકિકત વાળી જગ્યા સુરત લીમ્બાયત ગોડાદરા, સુપર સિનેમા પાસે, આસ્તીકનગરની બાજુમાં શિવનગર સોસા., દુકાન નંબર-૧ તથા ગોડાદરા ત્રણ રસ્તા મહર્ષિ આસ્તીક પ્રાથમિક શાળાની સામે મહાવીર સોસા., પ્લોટ નં-૪૫ ના પહેલા માળે આવેલ રૂમમાં તથા ગોડાદરા ડીંડોલી બ્રિજ નજીક પટેલ નગર પાસે રામકૃષ્ણ સોસાયટી ઘર નં.૯૧ માં મળી ત્રણ અલગ-અલગ જગ્યાએ રેડ કરતા જયાં આરોપી કૈલાસ નાનુરામ આરમીયા જાતે-તૈલી ઉ.વ.૪૩, રહે-ફ્લેટ નં.૧૦૧, શ્રીસાંઈ પેલેસ કલ્પનાનગર, મરાઠી સ્કુલની સામે ગોડાદરા, લીમ્બાયત, સુરત મુળ રહે-તૈલી મહોલ્લો સ્ટેટ બેંકની પાછળ ગામ-પોસ્ટ-ડુંગલા જી-ચિતોડગઢ રાજસ્થાનનો મળી આવેલ અને જે પોતે આ ત્રણેય રૂમમાં ડુપ્લીકેટ દારૂ બનાવતો હતો. સદરહુ રેડ દરમ્યાન (૧)સફેદ લાલ, પિળા રંગના પ્રવાહી કેમીકલ આશરે ૩૧૭ લીટર (૨) રોયલ સ્ટેગ વ્હીસ્કીની નાની-મોટી બોટલોના સ્ટીકર નંગ-૩૯૪૩ (૩)રોયલ સ્ટેગ વ્હીસ્કીની નાની-મોટી બોટલોના બુચ-૪૫૫૦ (૪)રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૭૫૦ ML ની ખાલી બાટલી-૨૩૭ (૫)રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ ML ની ખાલી બાટલી નંગ-૭૫ (૬) રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૭૫૦ ML ની ડુપ્લીકેટ દારૂથી બનાવેલ બાટલી નંગ-૦૬ (૭) રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ ની ડુપ્લીકેટ દારૂથી બનાવેલ બાટલી નંગ-૧૨ સદરહું કામગીરી સુરત શહેર ક્રાઈમ બ્રાંચની ટીમ દ્વારા કરવામાં આવેલ છે.